# Royal Higher Secondary School - Dhoraji

**Half-yearly Exam** | **Sub:- Gujarati** | **Date :- 24-10-24**
**Std - 12th E.M.** | **Ch:1To 12 & Grammar** | **Marks :- 100**
**Time :- 3:00 Hour**

## વિભાગ - A [પદ્ય વિભાગ]

■ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :** **[5]**

**(1)** સહુ સિદ્ધિઓને તરણા સમાન ગણીને કવયિત્રી શું મેલવાનું કહે છે ?
(A) મનનો મેલ (B) ધન વૈભવ (C) અંતરનું માન (D) મનનો રાગ

**(2)** સમય અને પુરુષ બંનેમાં કોણ બળવાન છે ?
(A) પુરુષ (B) સમય (C) સમય અને પુરુષ (D) આપેલ પૈકી એક પણ નહિ

**(3)** 'વીડી વાઢનારા' લોકગીત કયા કાવ્યસંગ્રહમાંથી લેવાયું છે ?
(A) કાવ્યમંગલા (B) પ્રતીક્ષા (C) રઢિયાળી રાત (D) મૌન

**(4)** ત્રિભુવનદાસ પુરુષોત્તમ લુહારનું ઉપનામ જણાવો.
(A) ઉશનસ્ (B) સુંદરમ્ (C) વાસુકિ (D) શેષ

**(5)** આ ઘડીએ ચડીચોટ અમોને, .......... (પંક્તિ પૂર્ણ કરો)
(A) ઝડપી લેશે જવાળા (B) મારી રાખ ઉપર રૂપાળાં (C) આ વનમાં વિગતાળાં (D) ઢળિયાં આ દશ ઢાળાં

■ **નીચે આપેલાં જોડકાં ને સાચી રીતે જોડીને ફરીથી લખો :** **[4]**

| કૃતિ | સાહિત્ય પ્રકાર |
|---|---|
| **(6)** એકસરખા દિવસ | (અ) સુંદરમ્ |
| **(7)** વીડી વાઢનારા | (બ) દુલા ભાયા કાગ |
| **(8)** વડલો ને પંખીડાં | (ક) અજ્ઞાત |
| **(9)** હંકારી જા | (ડ) પ્રભુલાલ દ્વિવેદી |

■ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો :** **[3]**

**(10)** સંગાથ છોડનારાને માટે કાગ શું કહે છે ?
**(11)** 'સૂની સરિતા' એટલે શું ?
**(12)** માર્ગમાં નાયિકા શી મદદ માગે છે ?

■ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ– ચાર વાક્યમાં લખો : (કોઈ પણ બે)** **[4]**

**(13)** નિયતિ (કુદરત) નો શો ક્રમ છે ?
**(14)** ગંગાસતી અંતરમાં શું ધારણ કરવાનું જણાવે છે ? શા માટે ?
**(15)** નાયિકાનો હાથ શેનાથી બંધાયેલો છે ? તે શેનો બનેલા છે ?

■ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ સવિસ્તાર પૂર્વક લખો : (કોઈ પણ એક)** **[4]**

**(16)** 'હંકારી જા' કાવ્યમાં વ્યકત થતી પ્રભુદર્શનની ઝંખના સ્પષ્ટ કરો.
**(17)** વડલો પંખીઓને શું કહે છે ? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે ?

## વિભાગ - B [ગદ્ય વિભાગ]

■ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :** **[4]**

**(18)** વારુ બહેન, તમે કર્મી લોક, તેને આ તે શા અકર્મીના ધંધા કરવા ? આ ધુમાડે તમારી આંખો કરી છે તે .....
(A) કેસૂડાંના ફૂલ જેવી (B) ખાખરાના છોડ જેવી (C) ચણોઠીનાં ફૂલ જેવી (D) કેસરી ગલગોટા જેવી

(19) 'નારાયણ હેમચંદ્ર' પાઠમાંથી શો બોધ મળે છે ?

(A) માણસનો દેખાવ નહિ પણ માણસનું મન ઓળખવું જોઈએ.

(B) માણસનું મન નહિ પણ માણસનો દેખાવ જોવો જોઈએ.

(C) માણસના દેખાવ અને મન બંને જોવા જોઈએ.

(D) માણસ પાસે અતિ સંપતિ હોવી જોઈએ.

(20) 'થીગડું' વાર્તા શેમાંથી લેવામાં આવી છે ?

(A) માનતા (B) બીજી થોડીક (C) સ્નેહ મુદ્રા (D) વર, વહુ અને બીજાં નાટકો

(21) 'ખુદાને ચામ નહિ, પણ કામ પ્યારું છે.' આ વાકય કોણ બોલે છે ?

(A) બિસ્મિલ્લાખાં (B) અલીબક્ષ (C) લાભુબહેન (D) જમનાબહેન

■ **નીચે આપેલાં જોડકાંને સાચી રીતે જોડીને ફરીથી લખો :** **[4]**

| કૃતિ | સાહિત્યકાર |
|---|---|
| (22) બિસ્મિલ્લાખાં | (અ) નવલિકા |
| (23) અખાનો સંસારત્યાગ | (બ) મુલાકાત |
| (24) નારાયણ હેમચંદ્ર | (ક) નાટિકા |
| (25) થીગડું | (ડ) આત્મકથા ખંડ |

■ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક – એક વાક્યમાં લખો :** **[4]**

(26) ટંકશાળના કામ અંગે અખા પર કયું આળ મૂકવામાં આવ્યું ?

(27) વેનિસનો સુપ્રસિદ્ધ ચોક કયો છે ?

(28) પૂંજાના અવસાન પછી આંબાની શી દશા થઈ ?

(29) અમેરિકામાં નારાયણ હેમચંદ્ર પર શો આરોપ મુકાયો ?

■ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ– ચાર વાક્યમાં લખો : (કોઈ પણ બે)** **[4]**

(30) પ્રભાશંકરે મનુને કઈ વાર્તા કહી ?

(31) લાગણીવશ બિસ્મિલ્લાખાંને મામાની સૂર વિશેની કઈ શિખામણ યાદ આવે છે ?

(32) બાદશાહના ફરમાનથી કચેરીમાં જતી વખતે અખો શા માટે નિર્ભય હતો ?

■ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ સવિસ્તારપૂર્વક લખો :(કોઈ પણ એક)** **[4]**

(33) નારાયણ હેમચંદ્રની ખાસિયતો પાઠને આધારે લખો.

(34) આંબા ઉછેરની પૂંજાની લગની તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ - C [વ્યાકરણ વિભાગ]

**(35) નીચેનાં વાકયમાં યોગ્ય પ્રત્યય મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

– આ ચૂલા દેવતા ઘેર જાય ધુમાડો થાય છે.

**(36) નીચેનાં વાકયમાં નામયોગી મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

– બાએ કબાટ–કપડાં કાઢયા.

**(37) નીચેનાં વાકયમાં યોગ્ય પ્રત્યય અને નામયોગી મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

– માળણ ઓરડીની – એક પીપળા તળે કંઈક ઘસારો લાગ્યો.

**(38) નીચેનાં વાકયમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાકય ફરીથી લખો :** **[1]**

– લે તું તો કેન્યામાં જન્મી છે તો તને સ્વાહીલી નથી આવડતું.

**(39) વાકયને અર્થપૂર્ણ બનાવવા માટે વિરામચિહ્ન સુધારી વાકય ફરીથી લખો :** **[1]**

અત્યારે હું તારો દીકરો, નથી તું મારો બાપ નથી.

(40) યોગ્ય સંયોજકોનો ઉપયોગ કરી નીચેનાં સાદાં વાકયો જોડો : [1]

– નાના નાના ટાપુઓ છે.

– સરોવરો છે.

– એક સ્થળેથી બીજે સ્થળે જવા જળમાર્ગો છે.

(41) નીચેનાં વાકયમાં ખોટા સંયોજકનો પ્રયોગ કર્યો છે, સુધારી ફરીથી લખો : [1]

લારીવાળો અંગ્રેજી જાણતો હતો, અને બોલવા રાજી ન હતો.

(42) નીચેનાં વાકયોમાંથી સાદું વાકય શોધો : [1]

(A) પ્રભાશંકરે ખૂબ મહેનત કરી કુટુંબનો નિર્વાહ કર્યો.

(B) પારવતીએ પ્રભાશંકરને ખુશીના સમાચાર આપ્યા.

(C) જયારે પારવતીનું મૃત્યુ થયું ત્યારે પ્રભાશંકર દુઃખી થયા.

(D) રાજારાણીને વિચાર આવ્યો કે 'આના કરતા તો જુવાની ન હોય તે સારું.'

(43) નીચેનાં વાકયોમાંથી સંયુકત વાકય શોધો : [1]

(A) ગામલોકોએ જમનાબેનના કાન ભંભેર્યા તેથી તેમને અખા પર અવિશ્વાસ આવ્યો.

(B) અખાએ જમનાબેન માટે સોનાની કંઠી બનાવી.

(C) અખાને સંસાર અસાર લાગ્યો.

(D) લાલદાસ અખાને સાંત્વન આપે છે.

(44) નીચેનાં વાકયોમાંથી સંકુલ વાકય શોધો : [1]

(A) રામના સિપાઈઓ અખાના ઘરે આવ્યા.

(B) જો જગતની માયા મિથ્યા છે તો તેનો ત્યાગ જ કરવો.

(C) માયાના આવરણમાંથી બહાર નીકળવું અશકય છે.

(D) લેખક સ્વયંસેવક બનતાં.

(45) નીચેનાં વાકયોમાંથી કયા વાકયનો પદક્રમ યોગ્ય છે તે જણાવો : [1]

(A) દેશ દરેક આગ્રહી પોતાની હોય ભાષાનો.

(B) બહાર નીકળ્યાં ભારતીય કે એક કુટુંબ દેખાયું.

(C) ઊંચો સ્તંભ એક છે ચોકમાં વચ્ચે.

(D) સાન માર્કોની બાજુમાં એક મકાન ઉપર મોટો તોતિંગ ઘંટ છે.

(46) નીચેનાં વાકયોમાંથી કયા વાકયનો પદસંવાદ યોગ્ય છે તે શોધો. [1]

(A) રીટાએ રાતાં ફળ લીધું.

(B) રમણલાલ શી વસ્તુ લઈ જશે.

(C) પ્રત્યેક નાગરિકોની આ જવાબદારી છે.

(D) મેં મગફળી અને ગોળ ખાધો.

(47) નીચે આપેલા રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો : [1]

– તાગડધિન્ના કરવા

(A) તબલાં વગાડવા (B) નાચગાન કરવા (C) મોજમજા ઉડાવવી (D) સ્વાદિષ્ટ ભોજન કરવું

(48) નીચે આપેલા સામાસિક શબ્દનો અર્થ આપો : [1]

– હૈયાફાટ

(A) મન મજબૂત થાય એવું (B) દિલ તૂટી જાય એવું (C) જીવન પૂરું થાય એવું (D) હૈયું ફાટી જાય એવું

(49) નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ શોધીને લખો. [1]

– તાદશ્ય

(A) સુંદર (B) આબેહૂબ (C) જાહોજલાલી (D) મોહક

(50) **નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.** **[1]**

– રસવાળા

(A) સ્વાદિષ્ટ (B) રસાળા (C) રસહીન (D) વ્યંજન

(51) **નીચે આપેલાં વાકયોમાંથી કયા વાકયની વાકયરચના ખોટી છે, તે જણાવો :** **[1]**

(A) લાજ ઢાંકવા કલેડી ને પેટ ઢાંકવા લંગોટી !

(B) અમારી શાળામાં રમતોત્સવ ઊજવાઈ ગયો.

(C) એક દિવસ મારે સારુ મગ રાંધીને લાવ્યાં.

(D) એમની સાધના જ એવી હતી કે એ સૌને ઝાંખા પાડી છે.

(52) **નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો :** **[1]**

(A) તરજુમો (B) તરઝૂમો (C) તર્જુમો (D) તરઝુમો

(53) **નીચેના શબ્દોમાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો :** **[1]**

(A) શિખામણ (B) ઓઝાર (C) નિર્દોષ (D) બુદ્ધિ

(54) **નીચેની કહેવતમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો :** **[1]**

(A) ઝાઝા હાથ રળિયામણા – ઝાઝી કીડી સાપને તાણે

(B) આપ ભલા તો જગ ભલા – દયા ડાકણને ખાય

(C) ટીપે ટીપે સરોવર ભરાય – પૂછતો નર પંડિત બને

(D) ભસતાં કૂતરાં કરડે નહિ – જીવતો નર ભદ્રા પામે

## વિભાગ - D [અર્થગ્રહણ / લેખન]

■ **નીચે આપેલા કાવ્યને વાંચી આપેલ પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો.** **[5]**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના.
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના ?
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા છે ફાંટા વસંતના
મહેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના
ઊડી રહ્યા છે યાદના અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના
ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના

મનોજ ખંડેરીયા

**પ્રશ્નો :**

(55) કવિએ વસંતના રસ્તા અને પગલાં માટે કઈ કલ્પના કરી છે ?

(56) વસંતના નકશા કેવી રીતે દોર્યા છે ?

(57) કવિને આંખ અને આંસુમાં શું શું જણાય છે ?

(58) કવિને કયાં અબીલ ગુલાલ ઊડતા જણાય છે ?

(59) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ નીચે આપેલા ફકરાને ધ્યાનથી વાંચી, તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો. **[5]**

શિસ્ત ખરેખર શું છે ? આવો પ્રશ્ન જયારે આપણી સામે આવીને ઊભો રહે છે ત્યારે જવાબ આપવામાં મૂંઝવણ અવશ્ય પેદા થાય છે પણ સાચા અર્થમાં વિચારીએ તો 'શિસ્ત એ મનુષ્યના જીવન ઘડતરની પારાશીશી છે.' જેમ શરીરની ઉષ્ણતા માપવા થરમોમીટરનો ઉપયોગ થાય છે. તેમ વ્યકિતત્વ માપન શિસ્ત દ્વારા થાય છે. 'શિસ્ત એટલે નિયમિત અને સંયમિત જીવન'. બાળકને બાળપણથી આ પાઠ ભણાવવાની જરૂર છે. કેમ કે બાળપણના સંસ્કારો જ મનુષ્યના મનમાં સૌથી વધારે દઢ થાય છે. બાળકના જીવનઘડતર વખતે ખાસ કાળજી રાખવાની જરૂરિયાત છે. કોઈ પણ કાર્ય શકય હોય ત્યાં સુધી સ્વયંશિસ્ત દ્વારા કરાવવું. કેમ કે, સ્વયંશિસ્તથી જ બાળકમાં નિયમિતતાની સાથે સાથે વિનય, વિવેક અને સહનશીલતા કેળવાય છે. દમનશિસ્ત અને પ્રભાવશિસ્તનું પણ સમયે સમયે સમજપૂર્વક પાલન કરાવવાથી શિસ્તનું ધોરણ અવશ્ય ઊંચું આવશે. મહાપુરુષોના જીવનમાંથી મળતા બોધને પ્રાયોગિક ધોરણે સમજાવવો, શાળાઓ અને કોલેજોમાં શિક્ષકો અને અધ્યાપકો આ બાબત પ્રત્યે ધ્યાન આપશે તો બાળકમાં આત્મવિશ્વાસ કેળવાશે અને લાંબે ગાળે શિસ્ત ટેવ બની દઢ થઈ જશે. એક વખત એવો આવશે કે બાળકના જીવનનું એ અવિભાજય અંગ બની જશે. આપણાં બધાના સઘન પ્રયાસથી સમાજમાં શિસ્તનું ધોરણ ઊંચું આવશે, માનવતાનું મૂલ્ય સમજાશે અને તેનાથી સમાજનું સ્તર ઊંચું આવશે જ.

પ્રશ્નો :

(60) સાચા અર્થમાં શિસ્ત શું છે ?

(61) બાળકને બાળપણથી જ શિસ્તના પાઠ ભણાવવાની શા માટે જરૂરત છે ?

(62) સ્વયંશિસ્તથી બાળકમાં શું શું કેળવાય છે ?

(63) મહાપુરુષોના જીવનમાંથી મળતા બોધને પ્રાયોગિક ધોરણે સમજાવવાથી શો ફાયદો થાય ?

(64) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**65.** નીચે આપેલ અંગ્રેજી પરિચ્છેદ વાંચી, તેનો 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો. **[5]**

When we survey our lives and efforts we soon observe that almost the whole of our actions and desires are bound up with the existence of other human beings. We notice that whole nature resembles that of the social animals. We eat food that others have produced, wear clothes that others have made, live in houses that others have built. The greater part of our knowledge and beliefs has been passed on to us by other people through the medium of a language which others have created. Without language and mental capacities, we would have been poor indeed comparable to higher animals.

We have, therefore, to admit that we owe our principal knowledge over the least to the fact of living in human society. The individual if left alone from birth would remain primitive and beast like in his thoughts and feelings to a degree that we can hardly imagine. The individual is what he is and has the significance that he has, not much in virtue of the individuality, but rather as a member of a great human community, which directs his material and spiritual existence from the cradle to grave.

**66.** નીચે આપેલા મુદા પરથી વાર્તા લખી તેને યોગ્ય શીર્ષક આપો. **[5]**

હીરાકણી નામની ગોવાલણ – શિવાજી મહારાજના કિલ્લામાં દૂધ વેચવા જવું – એક દિવસ મોડું થઈ જવું – કિલ્લાનો દરવાજો બંધ થવો – હીરાકણીની આજીજી – દરવાજો ન ખૂલવો – પોતાના બાળક માટે કિલ્લાના દુર્ગમ

રસ્તેથી નીચે ઊતરવું – કિલ્લામાં હીરાકણીની ખોજ – રાજાનું તેડું – સંપૂર્ણ હકીકત જાણી રાજાની વાહ વાહ ! – હીરાકણીની બહાદૂરીને યાદમાં 'હીરાકણી બુરઝ' બંધાવવો – બોધ.

## વિભાગ - E [લેખન સજજતા]

**67. નીચે આપેલી પંક્તિઓનો આશરે 100 શબ્દોમાં વિચારવિસ્તાર કરો. [5]**

આવ નહી, આદર નહીં, નહીં નયનોમાં નેહ;
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

**અથવા**

વિધા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિધા ને ધન

**68.** ગુરુપૂર્ણિમાની શાળામાં કરેલી ઉજવણીનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **[5]**

**69. નીચે આપેલા કોઈ એક વિષય પર આપેલા મુદાને આધારે 250 શબ્દોમાં નિબંધ લખો. [10]**

■ શિયાળાની સવાર

[મુદાઃ પ્રાસ્તાવિક – પ્રાકૃતિક સૌંદર્ય – ગ્રામ્ય અને શહેરીજીવન પર અસર – ઉપસંહાર]

**અથવા**

■ વૃક્ષોનું જતન, આબાદ વતન

[મુદાઃ પ્રાસ્તાવિક – વૃક્ષોની ઉપયોગિતા – વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો – પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ – ઉપસંહાર]

**અથવા**

■ મા તે મા ! બીજા બધા વગડાના વા !

[મુદાઃ પ્રાસ્તાવિક – માનું અગાધ વાત્સલ્ય – નિઃસ્વાર્થપ્રેમ – બાળકના જીવનઘડતરમાં માતાનો ફાળો – માનો અનન્ય પ્રેમ – પશુપક્ષીઓમાં માતાની મમતા – ઉપસંહાર]

❖ ***Best of Luck*** ❖